ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૧૯/૨૦-૨૧/ 3753 તારીખ : 28 OCT 2020

**આર.પી.એ.ડી.**

કેસ નં.૧૯/૨૦-૨૧

પ્રતિ,
**શ્રી રીયાઝભાઈ જી.મેઘાણી,**
વ્રજરાજ કોમ્પેલક્ષ, ૨ જા માળે,
આતાભાઈ રોડ,
**મું. ભાવનગર.**
**મો.નં. ૯૮૨૫૨૦૬૧૫૯.**

**વિષય : બિનખેતી જમીનના પ્લોટમાંથી લાઈન ફેરવવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૦/૭/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૩/૭/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯/૨૦-૨૧/૨૫૭૫ તા.૨૪/૭/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૯/૨૦-૨૧/૩૪૯૪ તા.૦૮/૧૦/૨૦૨૦.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૨૦/૧૦/૨૦૨૦** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
શહેર વિભાગીય કચેરી-૨, ભાવનગર.

*......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ...ગીય કચેરી, મામસા.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **કેઈસ નંબર – ૧૯/૨૦–૨૧** ☜

વાદી :– **શ્રી રીયાઝભાઈ જી મેઘાણી,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૨૦/૧૦/૨૦૨૦** ◈

હાજર રહયા :– **શ્રી રીયાઝહુસેન ગુલામહુસેન મેઘાણી – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી પી.ડી.પરમાર, નાયબ ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી રીયાઝભાઈ જી.મેઘાણી, મું.ભાવનગર ની બિનખેતી જમીનના પ્લોટમાંથી લાઈન ફેરવવા અંગેની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૯/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ /૧૯/૨૦–૨૧/૨૫૭૫ તા.૨૪/૭/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૨૦/૧૦/૨૦૨૦** નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી રીયાઝહુસેન ગુલામહુસેન મેઘાણી હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી પી.ડી.પરમાર, નાયબ ઈજનેર, શહેર વિભાગીય કચેરી–૨, ભાવનગર ઉપસ્થિત રહેલ.

☞ **વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ વાદીની રજૂઆત મુજબ તેઓ રીયાઝભાઈ જી મેઘાણી, ગામ–ઉખરલા, તા.ઘોઘા ખાતે રે.સ.નં–૨૭૩, બ્લોક નં–૧૭૨ ખાતે બિનખેતી વિષયક જગ્યા ધરાવે છે. જે વર્ષ – ૧૯૯૫ માં બિનખેતી થયેલ છે.

૧.૨ સદર જમીન બિનખેતી થઈ ત્યારે ત્યાં કોઈપણ પ્રકારની વિજલાઈન પસાર થતી ન હતી. ત્યારબાદ વર્ષ–૨૦૦૪ માં તેઓની કોઈપણ પ્રકારની મંજૂરી લીધા વિના ૧૧ કે.વી.ની વિજલાઈન વિજકંપની દ્વારા ઉભી કરી દેવામાં આવેલ છે.

૧.૩ હાલમાં, તેઓને સદર જમીનમાં ઔધોગીક હેતુ માટે કન્સ્ટ્રકશન કરવા માટે ઉભી કરાયેલી વિજલાઈન ફેરવવા માટે મામસા કચેરી ખાતે અરજી કરેલ, વિજલાઈન ફેરવવા માટે રૂા.૫,૯૫,૦૨૧/– નું અંદાજપત્ર આપવામાં આવેલ છે.

૧.૪ સદર વિજલાઈન અમારી મંજૂરી વિના ઉભી કરાયેલી હોઈ, અમારી પાસેથી કોઈપણ પ્રકારનો શીફટીગ ચાર્જ ભરાવ્યા વિના નૈતિક ફરજ ના ભાગરૂપે વિજલાઈન ફેરવી આપવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે.</u>**

૨.૧ અરજદાર શ્રી રીયાઝભાઈ જી મેઘાણી એ મામસા પેટા વિભાગીય હેઠળ આવતા ઉખરલા ગામના સર્વે નં–૨૭૩ માં પીજીવીસીએલ ની પસાર થતી એચ.ટી.લાઈન ફેરવવા માટે તા.૧૨/૩/૨૦૨૦ ના રોજ લેખિત અરજી કરેલ છે.

૨.૨ ઉપરોકત લાઈન શીફટીંગ ની અરજીના અનુસંધાને નાયબ ઈજનેરશ્રી, મામસા દ્વારા તેઓના પ્રતિનિધિ ની હાજરીમાં જરૂરી સર્વે કરી પીજીવીસીએલ ના પ્રવર્તમાન નિયમોનુસાર તાંત્રિક મંજૂરી મેળવ્યા બાદ પત્ર નં–૩૩૬૦ તા.૧૧/૬/૨૦૨૦ ના રોજ રૂા.૫,૯૫,૦૨૧/– નું અંદાજપત્ર અરજદાર ના પ્રતિનિધિ ને રૂબરૂ આપવામાં આવેલ.

૨.૩ ઉપરોકત અંદાજપત્ર તેઓની જગ્યામાંથી લાઈન પસાર થતી હોય અને ખૂબ જ જૂની વર્ષો પહેલા ઉભી થયેલ હોય, સદર બંને લાઈનો Ukharala JGY અને BD Ind. ફેરવવા માટે તેઓને અંદાજપત્ર આપવામાં આવેલ છે.

૨.૪ Also as per GERC Notification No. 9 of 2005 regarding Chapter – VIII, Para No.8.2 F regarding charges for Miscellaneous work,

The charges payable in advance for any work which the supplier may undertake for the consumer and which is not included in the foregoing schedule shall be at the actual cost of labour and materials plus 15% to cover overhead charges. Estimates will be submitted when the necessary. The charges payable in advance for any work which the supplier may undertake on behalf of the consumer as an agency work, shall be the actual cost of labour and material plus 15% to cover overhead charges. The Estimates will be submitted accordingly.

આથી, અરજદારને આપવામાં આવેલ અંદાજપત્ર કંપની ના નિયમ મુજબ બરાબર છે.

૨.૫ વધુમાં, આ અગાઉ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભાવનગર દ્વારા કેસ નં–૨૮/૨૦૧૯–૨૦, મે.મારૂતિ રોપમેક, જી.આઈ.ડી.સી., વરતેજ, ભાવનગર રૂરલ ડિવિઝન ને સમાન બાબત માટે આપવામાં આવેલ હુકમ આ સાથે સામેલ છે. જે મુજબ પણ પીજીવીસીએલ દ્વારા આપવામાં આવેલ લાઈન શીફટીગ નું અંદાજપત્ર ભરવાપાત્ર છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

૨.૬ વધુમાં, બિનખેતી હુકમ મુજબ ઉપરોકત વિવાદ વાળી જમીન. ઉખરલા ગામના સર્વે નં–૨૭૩, બ્લોક નં–૧૭૨ વર્ષ–૧૯૯૪ માં બિનખેતી થયેલ છે. ત્યારબાદ, વેચાણ દસ્તાવેજ મુજબ અરજદાર શ્રી દ્વારા વર્ષ–૨૦૦૦ માં ખરીદેલ છે.

૨.૭ પીજીવીસીએલ દ્વારા વર્ષ–૨૦૦૪ માં વિજ લાઈન પસાર કરતા સમયે વાદી શ્રી દ્વારા કોઈ પ્રકારનો વાંધો ઉઠાવેલ ન હતો. ત્યારબાદ,તેઓ દ્વારા તા.૧૨/૩/૨૦૨૦ ના રોજ એટલે કે, આશરે ૧૬ વર્ષ પછી સદર પસાર થતી વિજ લાઈન દૂર કરવા માટે રજૂઆત કરેલ હોય, સદર અરજી માન્ય રાખી શકાય નહી.

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.**

૩.૧ વાદી શ્રી રીયાઝભાઈ જી મેઘાણી, ગામ–ઉખરલા, તા.ઘોઘા સર્વે નં–૨૭૩, પ્લોટ નં–૯ માં બિનખેતી જગ્યા ધરાવે છે. આ જગ્યામાંથી પ્રતિવાદી એ હાઈ ટેન્શન વિજ લાઈન ના પોલ નાંખી ને વિજ લાઈન પસાર કરેલ છે. જેથી, વાદી એ ફોરમ ને રજૂઆત કરેલ છે કે , સદર જગ્યા વર્ષ–૧૯૯૪ થી બિનખેતી હોવા છતાં, પ્રતિવાદી એ તેઓની મંજૂરી વગર વિજ લાઈન ઉભી કરેલ છે.

૩.૨ વાદી એ પ્રતિવાદીને તેના પ્લોટમાંથી નીકળતી લાઈન ફેરવવા માટે જણાવેલ. પ્રતિવાદી એ સદર લાઈન ફેરવવા માટે જણાવેલ. પ્રતિવાદીએ સદર લાઈન ફેરવવા માટે વાદી ને ૨ લાઈન ફેરવવા માટે તા.૧૧/૬/૨૦૨૦ ના રોજ રૂ.૫,૯૫,૦૨૧/– નું અંદાજપત્ર ભરવા માટે જણાવેલ.

૩.૩ વાદી એ તેમજ પ્રતિવાદી એ રજૂ કરેલ સર્વે નં–૨૭૩, બ્લોક નં–૧૭૨ નો બિનખેતી હુકમ વાદીએ રજૂ કરેલ. સદરજગ્યાનો વેચાણ દસ્તાવેજ તેમજ રજૂ કરેલ જવાબ પરથી જણાય છે કે, સદર સર્વે નં–૨૭૩, બ્લોક નં–૧૭૨ નીં જગ્યા વર્ષ–૧૯૯૪ ની સાલમાં બિનખેતી થયેલ છે. તેમજ વાદી અરજદાર રીયાઝભાઈ હુસેનભાઈ મેઘાણી એ રેવન્યુ સર્વે નં–૨૭૩, બ્લોક નં–૧૭૨ વાળી બિનખેતી જગ્યામાં પ્લોટ નં–૧૧ તથા ૧૨ વેચાણખત થી તા.૨૩/૧૦/૨૦૦૦ ના રોજ ખરીદેલ છે.

૩.૪ પ્રતિવાદી એ કરેલ રજૂઆત મુજબ PGVCL દ્વારા સવાલવાળી જગ્યા માંથી વર્ષ–૨૦૦૪ માં વિજ લાઈન પસાર કરેલ. આ વિજ લાઈન પસાર કરતી સમયે સદર જગ્યા બિનખેતી હોઈ, તેવું જણાયેલ નહી. તેમજ તે લાઈન ઉભી કરતી વખતે જે તે સમય ના તેના માલીક તરફથી કોઈ વાંધો રજૂ કરવામાં આવેલ નહી અને વાદીએ સદર જગ્યા તા.૨૩/૧૦/૨૦૦૦ ના રોજ ખરીદેલ છે. આમ, વાદીએ પણ ૨૦ વર્ષ દરમ્યાન કયારેય આ સદર હયાત લાઈન માટે વાંધો લેખિત કે મૌખિક ઉઠાવેલ નથી.

૩.૫ તારણ નં– ૩.૩ અને ૩.૪ મુજબ પ્રતિવાદી એ જયારેવર્ષ–૨૦૦૪ માં સર્વે નં–૨૭૩ માંથી વિજ લાઈન પસાર કરેલ ત્યારે, તે સમયના જગ્યાના માલીકે વાંધો લીધો નથી તેમજ વર્ષ–૨૦૦૦ થી ૨૦૨૦ દરમ્યાન વાદીએ આ હયાત લાઈન માટે કોઈ વાંધો ઉઠાવેલ નથી.

૩.૬ પ્રતિવાદી એ વાદી ને સદર લાઈન ફેરવવા માટે રૂા.૫,૯૫,૦૨૧/– નું અંદાજપત્ર આપેલ છે. જેમાં, ૧૧ KV XLPT અન્ડર ગ્રાઉન્ડ કેબલ નો ખર્ચ રૂા. ૨,૨૮,૩૮૦/– દર્શાવેલ છે. આથી, પ્રતિવાદી ને સૂચના આપવામાં આવે છે કે, સદર લાઈન ફેરવવા માટે ફરીથી સર્વે કરી અને તાંત્રિક શકયતાઓ તપાસી, અન્ડર ગ્રાઉન્ડ કેબલ ને બદલે ઓવરહેડ લાઈન ની દરખાસ્ત બનાવી અંદાજપત્ર આપવું.

૩.૭ ઉપર મુજબના તારણો પરથી હુકમ કરવામાં આવે છે કે, પ્રતિવાદી એ તારણ [illegible] મુજબ ફરી સર્વે કરી ફરીથી એસ્ટીમેટ આપવું, જે લાઈન ફેરવવા માટે વાદી એ ભરવાપાત્ર છે.

P.G.V.C.L. Bhavnagar. Redressal Forum

## -:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.ભોજાકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :- ૨૦/૧૦/૨૦૨૦.

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.